Downloaded From : http://cbseportal.com/

This Question Paper consists of 31 questions and 8 printed pages.
આ પ્રશ્નપત્રમાં 31 પ્રશ્નો અને 8 છપાયેલાં પૃષ્ઠો છે.

Roll No.
રોલ નંબર

Code No. 58/S/A/G
કોડ નં.
Set - A

# GUJARATI
# (ગુજરાતી)
# (207)

Day and Date of Examination
(પરીક્ષાનો વાર અને તારીખ) ____________________

Signature of Invigilators
(નિરીક્ષકની સહી)
1. ____________________
2. ____________________

**સામાન્ય નિર્દેશ :**

1 વિદ્યાર્થી તેનો રોલ નંબર પ્રશ્નપત્રના પહેલા પાને લખે.

2 પહેલાં પ્રશ્નપત્રને ચકાસી લેવું. પ્રશ્નપત્રમાં આપેલાં કુલ પાનાં અને પ્રશ્નોની સંખ્યા એટલી જ છે જેટલી પ્રથમ પાના ઉપર છે તે જોઈ લેવું અને પ્રશ્નો ક્રમવાર છે કે નહીં તે ચકાસી લેવું.

3 બહુવિકલ્પીય પ્રશ્નોના વિકલ્પો દા.ત. (A), (B), (C) અથવા (D) માંથી જે ઉત્તર લખવો હોય તેને આપેલી ઉત્તર પુસ્તિકામાં લખવો.

4 બહુવિકલ્પીય પ્રશ્નોની સાથે બધા પ્રશ્નોના ઉત્તર નિર્ધારિત કરેલા સમયમાં આપવા. બહુવિકલ્પીય પ્રશ્નો માટે અલગથી સમય નહીં આપવામાં આવે.

5 ઉત્તર પુસ્તિકામાં નિર્દેશ કરેલ સ્થાન સિવાય બીજા કોઈ પણ સ્થાને રોલ નંબર તથા અન્ય ચિહ્ન લખવાથી પરીક્ષાર્થીને અયોગ્ય ઠરાવવામાં આવશે.

6 પોતાની ઉત્તર પુસ્તિકા પર પ્રશ્નપત્રની કોડ સંખ્યા **58/S/A/G-A** લખવી.



Downloaded From : http://cbseportal.com/ Courtesy : NIOS

Downloaded From : http://cbseportal.com/

# GUJARATI
## (ગુજરાતી)
## (207)

સમય : 3 કલાક] [કુલ ગુણ : 100

**સૂચના :**

1 **બધા** પ્રશ્નો અનિવાર્ય છે અને પ્રત્યેક પ્રશ્નની સામે ગુણ આપેલા છે.

2 બહુવિકલ્પીય પ્રશ્નો માટે એક-એક ગુણ નિર્ધારિત છે.

3 બહુવિકલ્પીય પ્રશ્નોત્તર લખવા માટે વધારાનો સમય આપવામાં નહીં આવે. બધા પ્રશ્નો આપેલા સમયમાં એક સાથે કરવાના છે.

1 માંગલ્યનું પ્રતીક રૂપ કોને માનવામાં આવે છે ? 1

(A) વટવૃક્ષ

(B) પીપળ

(C) આસોપાલવ

(D) લીમડો

2 કવિ દ્વારા પરી માટે વપરાયેલ વિશેષણ - 1

(A) લાજવંતી (B) મહકંતી

(C) મલકંતી (D) દમયંતી

3 'મૂળવંતરાય માકડ' કયા ક્રિકેટરનું મૂળ નામ હતું ? 1

(A) વીનુ માકડ (B) રામચંદ્ર માકડ

(C) ગુણવંતરાય માકડ (D) મોહન માકડ

4 'અવસાન-સંદેશ' કાવ્યના કવિ છે - 1

(A) નરસિંહ મહેતા (B) ઝવેરચંદ મેઘાણી

(C) દલપતરામ (D) નર્મદ



Downloaded From : http://cbseportal.com/ Courtesy : NIOS

Downloaded From : http://cbseportal.com/

5 પ્રકૃતિને આંખોમાં ભરી શકાય પણ એ દૂરના ............ છે. 1

(A) ધામની (B) આકાશની

(C) ગામની (D) સંધ્યાની

6 નંદનંદન શેઠની મૃત્યુ પાછળ કઈ સભા ભરવામાં આવી હતી ? 1

(A) બાલ સભા (B) હાસ્ય સભા

(C) શોક સભા (D) લોક સભા

7 જૂઈની નાજુક કળીનું ............ સૂર્ય સાચવે છે. 1

(A) ગર્વ (B) ગૌરવ

(C) વિશાળતા (D) સંકુચિતતા

8 વાર્તાના મુખ્ય અંગોમાંથી બંધબેસતું ન હોય તે અંગ છે - 1

(A) વાર્તાની વસ્તુ (B) ભાષાશૈલી

(C) ઉપસંહાર (D) ઘટનાની ગૂંથણી

9 પર્યાયી શબ્દની યોગ્ય જોડ ન હોય તેવી જોડી શોધો. 1

(A) ઊષા-પ્રભાત (B) રાત્રિ-નિશા

(C) માતા-પિતા (D) રાજા-રાણા

10 બીજને ઝરૂખે કોણ ઊભું હતું ? 1

(A) કન્યા (B) માતા

(C) સખી (D) બેન

11 વિદ્યાર્થીઓએ શું છોડવું પડે ? 1

(A) મોબાઈલનો સાથ (B) રજાઈની હૂંફ

(C) મિત્રોની રમઝટ (D) ધમાચકડી



Downloaded From : http://cbseportal.com/ Courtesy : NIOS

Downloaded From : http://cbseportal.com/

12 ગુજરાતની પ્રજા માટે વપરાયેલા વિશેષણોમાંથી બંધબેસતું ન હોય એવું વિશેષણ : 1

(A) સદાજાગરૂક (B) સદા વેપારી

(C) જગત નાગરિક (D) સાગરતીર્થ નિવાસી

13 પારસી રૂસ્તમજીને ત્યાં કોણ ગયું હતું ? 1

(A) ગાંધીજી ને બાળકો (B) પોલીસ અને બાળકો

(C) કસ્તુરબા અને બાળકો (D) કસ્તુરબા અને ગાંધીજી

14 જે સ્થિર હોય તે ........... 1

(A) ચંચળ (B) અચળ

(C) જળચર (D) બહુચર

15 બજરંગબલીની જય ક્યાં બોલાવવામાં આવે છે ? 1

(A) ધર્મશાળામાં (B) કાર્યશાળામાં

(C) વ્યાયામ શાળામાં (D) પાઠશાળામાં

16 'બેડો પાર થવો' એટલે - 1

(A) સામે કિનારે પહોંચવું (B) કાર્ય સફળ થવું

(C) પ્રથમ નંબર આવવો (D) નોકરી મળવી

17 કોઈ પણ શુભ કાર્યની શરૂઆતમાં કયા દેવને યાદ કરવામાં આવે છે ? 1

(A) શિવજીને (B) ગણપતિ દાદાને

(C) કાનુડાને (D) શ્રીરામને

18 ઉત્તર તરફની દિશા એટલે શું ? 1

(A) આબાદી (B) બરબાદી

(C) પ્રગતિ (D) અધોગતિ

19 નીચેમાંની કઈ જોડણી ખોટી છે ? 1

(A) ઘૂંટણ (B) નિરિક્ષણ

(C) હીંચકો (D) વિશાળ



Downloaded From : http://cbseportal.com/ Courtesy : NIOS

Downloaded From : http://cbseportal.com/

20 નીચેમાંનુ વિરોધી શબ્દનું કયું જોડકું યોગ્ય નથી ? 1

(A) શીતળ × ઉષ્ણ
(B) પ્રત્યક્ષ × હાજર
(C) શુક્લ × કૃષ્ણ
(D) વીર × કાયર

21 (ક) નીચે આપેલા સવાલોમાંથી ગમે તે **ત્રણ**ના જવાબ લખો : 6

(i) 'એક પ્રશ્ન' વાર્તામાં બહેન કર્ણની વાત દ્વારા શું કહેવા માંગે છે ?
(ii) પતંગ એટલે શું ? દોર એટલે શું ? બન્નેનું સંચાલન થતાં શું થાય ?
(iii) વ્યાયામથી થતા ફાયદાઓ જણાવો.
(iv) વીશીમાં જમવા આવનારાએ ઠપકો આપવાથી શંકરલાલે પોતાના બચાવમાં શું કહ્યું ?
(v) 'પંખીનાં ગાન' પાઠમાં લેખકના બગીચામાં કયાં-કયાં પંખીઓ આવે છે ?

(ખ) નીચે આપેલા સવાલોમાંથી ગમે તે **ત્રણ**ના જવાબ **એક** વાક્યમાં લખો : 3

(i) 'મારી મા' વાર્તાની નાયિકા અભ્યાસમાં કેવી હતી ? તેણે કઈ ડિગ્રી મેળવી હતી ?
(ii) બીજા વિશ્વયુદ્ધની દેશ પર શી અસર થઈ ?
(iii) છોકરાઓએ કોને ધમકી આપી ?
(iv) ફ્રેન્ચ સાહેબને શી ધૂન લાગી હતી ?
(v) ઉત્તરાયણનો તહેવાર આપણને શો સંદેશ આપે છે ?

22 (ક) નીચેના સવાલોમાંથી ગમે તે **ત્રણ**ના જવાબ લખો : 6

(i) 'જસોદા તારા કાનુડાને જગાડ' કાવ્યના કવિ નરસિંહ મહેતાનો જીવન પરિચય આપો.
(ii) કવિ કયા-કયા સમયના આકાશની વાત કરે છે ? ક્ષણે-ક્ષણે બદલાતા રંગ માટે કવિએ કયા શબ્દો વાપર્યા છે ?
(iii) 'જૂનું પિયરઘર' કાવ્યનો મુખ્ય ભાવ ચાર લીટીમાં લખો.
(iv) અખો કોને ઉત્પાત કહે છે ? કેમ ?
(v) ગાંધીજીની સમાધિનું શું નામ છે ? તે જોઈ કવિને શો વિચાર આવે છે ?

(ખ) નીચેના સવાલોમાંથી ગમે તે **ત્રણ**ના જવાબ **એક** વાક્યમાં આપો : 3

(i) ચંબેલીની પાંખો કેવી હતી ?
(ii) વસંત જે માર્ગેથી પસાર થાય છે, તે માર્ગ કેવો લાગે છે ?
(iii) 'અવસાન-સંદેશ' કયા પ્રકારનું કાવ્ય છે ?
(iv) કવિ સંઘરાખોર વેપારી માટે શો અભિપ્રાય આપે છે ?
(v) 'કોણ ?' કાવ્યના કવિનું નામ લખો.



Downloaded From : http://cbseportal.com/ Courtesy : NIOS

Downloaded From : http://cbseportal.com/

23 (ક) નીચેનાં વિધાનો કોણ, કોને કહે છે ? તે લખો. (ગમે તે **ત્રણ**) 3

(i) ''આનું નામ કુસ્તી ન કહેવાય, હું તમને અડકું એ પહેલાં સૂઈ કેમ જાઓ છો ?''

(ii) ''પણ મારે તો દાળભાત જ ખાવા છે. મેં તો આજે જુલાબ લીધો છે.''

(iii) ''તારા પરિણામનો દિવસ હતો ને ? મને હતું જ કે તું પહેલી આવીશ.''

(iv) ''કરોડો માણસોના જીવન નિષ્કામ કર્યાનું પ્રાયશ્ચિત, મારું શેષ જીવન પૂરું કરીને કરીશ.''

(v) ''એ તો શાખ વધારે એટલે સૌ કોઈ મૂકી જાય.''

(ખ) ગમે તે **બે** ભાવપંક્તિઓનો ભાવસૌંદર્ય લખો : 6

(i) ''ફાંટુ ભરીને સોનું સૂરજનું ભરો હવે,
પાછા ફરી ના આવશે તડકા વસંત ના.''

(ii) ''હતો દુખિયો થયો સુખિયો
સમજ્યો છૂટ્યો રણથી.''

(iii) ''ઓસબિંદુએ
સમાવ્યું છે, નિજમાં
વ્યોમ વિરાટ.''

24 ગમે તે **બે**ના મુદ્દાસર ઉત્તર લખો : 6

(i) 'સોયનું નાકું' શીર્ષક સ્પષ્ટ કરો.

(ii) શિયાળાની સવારનું વર્ણન કરો.

(iii) નંદનંદન શેઠનું વ્યક્તિત્વ.

25 ગમે તે **એક** વિશે આશરે **200** શબ્દોમાં નિબંધ લખો : 10

(i) પર્યાવરણ પ્રદૂષણ : એક ગંભીર સમસ્યા

(ii) માતૃપ્રેમ

(iii) શહેરી જીવનની સમસ્યાઓ

(iv) સાહસ વગર સિદ્ધિ નથી

(v) જો હું શિક્ષક હોઉં તો



Downloaded From : http://cbseportal.com/ Courtesy : NIOS

Downloaded From : http://cbseportal.com/

26 તમારા વિસ્તારમાં અતિવૃષ્ટિને કારણે ચારેબાજુ ખૂબ ગંદકી ફેલાઈ ગઈ છે. એને દૂર કરવા મ્યુનિસિપાલિટીના સાફસૂફી વિભાગને અરજીપત્ર લખો. 8

**અથવા**

તમારો મિત્ર વધુ અભ્યાસ માટે પરદેશ જાય છે. તેને અભિનંદન આપતો અને શુભેચ્છા પાઠવતો પત્ર લખો.

27 ગમે તે **એક**નો વિચાર-વિસ્તાર કરો : 6

(i) પરિશ્રમ એ જ પારસમણી

(ii) જનસેવા એ જ પ્રભુસેવા

28 નીચેનો ગદ્યખંડ ધ્યાનપૂર્વક વાંચી આપેલા સવાલોના જવાબ લખો. 5

જીવન એક સંઘર્ષ છે. પોતાની જાતને અસહાય કે લાચાર સમજવી અથવા સંઘર્ષથી દૂર ભાગવું એ ઉચિત નથી. અસહાય સ્થિતિમાં પણ સંઘર્ષ ઓળંગી શકાય છે. આપણી પાસે સાધન સંપત્તિ ઓછી હોય પરંતુ સાહસ કરવાની વૃત્તિ અને ધીરજ તો આપણે કેળવવી પડે ને ! એમ મુશ્કેલીઓથી ડરીને જીવે તે માણસ શાનો કહેવાય ? જ્યાં સુધી તમે સામે આવતી મુસીબતોનો સામનો કરો છો ત્યાં સુધી તમારામાં જીવનરસ ટકી રહે છે. હતાશા અને નિરાશામાં હિંમત હારી જવાનું માણસને ન પોસાય. ગભરાયા વગર હળવેથી મુશ્કેલીઓમાં માર્ગ કાઢવાનો માણસે વિચાર કરવો જોઈએ. જીવન કંઈ રાજમાર્ગ નથી કે એના ઉપર સડસડાટ ગાડી દોડી જાય. આ જીવન-સંઘર્ષને હસતાં હસતાં જેને કૂદતાં આવડે તે જ સાચી પ્રગતિ કરી શકે.

**પ્રશ્નો :**

(i) સંઘર્ષને કઈ પરિસ્થિતિમાં ઓળંગી શકાય છે ?

(ii) આપણને શું કેળવવું પડે છે ?

(iii) સાચો માણસ કોને કહેવાય ?

(iv) માણસને શું ન પોસાય ?

(v) સાચી પ્રગતિ કોણ કરી શકે ?

29 ગુજરાતી સાહિત્યમાં પ્રાચીન, મધ્યકાલીન અને અર્વાચીનકાળમાં વિવિધ ભાષાકીય સ્વરૂપોનો વિકાસ થયો. પદ્ય સ્વરૂપોમાં થયેલ વિકાસની વિગતો નીચે આપેલી છે. 'વૃક્ષ' આલેખમાં તે વિગતો દર્શાવો. 3

પ્રાચીન : ફાગ, રાસ, પ્રબંધ

મધ્યકાલીન : પ્રભાતિયાં, ભક્તિપદ, છપ્પા, આખ્યાન, ગરબી

અર્વાચીન : ઊર્મિકાવ્ય, ખંડકાવ્ય, સૉનેટ, ગઝલ, મુક્તક, હાઈકુ.



Downloaded From : http://cbseportal.com/ Courtesy : NIOS

Downloaded From : http://cbseportal.com/

30 સૂચના મુજબ લખો :

(ક) વિરુદ્ધાર્થી લખો : (ગમે તે **બે**) 2

(1) અગવડ (2) સંધ્યા

(3) જન્મ (4) દયાળુ

(ખ) સમાનાર્થી લખો : (ગમે તે **બે**) 2

(1) રાષ્ટ્ર (2) પ્રણામ

(3) પર્વત (4) યુદ્ધ

(ગ) સંધિ-વિચ્છેદ કરો : (ગમે તે **બે**) 2

પ્રત્યુત્તર, શિષ્ટાચાર, અનાથાલય, સૂર્યોદય

(ઘ) રૂઢિપ્રયોગોના અર્થ લખો : (ગમે તે **બે**) 2

કાલાવાલા કરવા, નાક વિનાનું, જીવ બળવો, સડક થઈ જવું

(ઙ) શબ્દસમૂહ માટે એક શબ્દ લખો : (ગમે તે **બે**) 2

(1) ઈશ્વરમાં આસ્થા રાખે તે __________

(2) જોવાલાયક સ્થળો __________

(3) ભાન વિનાનું __________

(4) જેનો નાશ ન થાય તે __________

31 નીચે આપેલી રૂપરેખાના આધારે વાર્તાનું લેખન કરી તેને યોગ્ય શીર્ષક પણ આપો : 5

ઉનાળાના દિવસો — તરસ્યું શિયાળ — કૂવામાં કૂદી પડવું — બહાર નિકળવાનું અશક્ય — બકરાનું આવી ચઢવું — શિયાળે શરૂ કરેલા પાણીનાં વખાણ — બકરાનું લલચાવું — કૂવામાં કૂદવું — બકરાની પીઠ પર ચઢી શિયાળનું નિકળવું — બકરાની દશા — બોધ.



Downloaded From : http://cbseportal.com/ Courtesy : NIOS